પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૦૫ | ૪ ઓક્ટોબર, ૨૦૧૭, બુધવાર ; આસો સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### હૈદ્રાબાદમાં ભારે વરસાદ



હૈદ્રાબાદમાં સોમવારે થયેલા ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે અને પૂરની સ્થિતિ પેદા થઈ ગઈ છે. ભારે વરસાદના કારણે ૩ લોકોના મોત નીપજ્યા છે.

### ભીલાડ ચેકપોસ્ટની ગાડીમાંથી ૧.૧૪ કરોડની લૂંટ



ભીલાડ ચેકપોસ્ટની રોકડ ભરેલી ગાડી લુંટાઈ છે. અજાણ્યા લૂંટારૂઓએ બંદૂકની અણીએ ૧.૧૪ કરોડ લૂંટીને ફરાર થઈ ગયા છે. આરટીઓની ગાડીમાંથી મોટી લૂંટ થતા પોલીસ લૂંટારૂઓને શોધવા સક્રિય બની છે.

### સુરતનો યુવાન અમેરિકામાં શહીદ

અમેરિકન આર્મીમાં જોડાયેલો મૂળ સુરતનો કશ્યપ ભગત નામનો ૨૧ વર્ષિય યુવાન શહીદ થયો છે. ૧૮ વર્ષે યુએસ આર્મીમાં જોડાયોલે કશ્યપ ભગત ૨૧ સપ્ટેમ્બરે ફરજ દરમ્યાન શહીદ થયો હતો.

# શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર હુમલો

**કલાકો સુધી ગોળીબારની રમઝટ બાદ ત્રણ આત્મઘાતી હુમલાખોરો ઠાર : કેમ્પ પર હુમલાની જવાબદારી જેશે મોહમ્મદે લીધી : હુમલામાં ત્રણ જવાનો પણ ઇજાગ્રસ્ત : એક ઓફિસર શહીદ : હથિયારોનો જંગી જથ્થો જપ્ત કરાયો**



શ્રીનગર,તા. ૩

જમ્મુ કાશ્મીરમા ત્રાસવાદીઓ તેમની હાજરીને પુરવાર કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. જેના ભાગરૂપે આજે વહેલી સવારે શ્રીનગર એરપોર્ટની નજીક સ્થિત બીએસએફ કેમ્પ પર ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જ્યારે એક આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (બીએસએફ) શહીદ થયા હતા. ત્રાસવાદીઓની ટોળકીએ આ ભીષણ હુમલાને અંજામ આપ્યો હતો. મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. હુમલો

કરવામાં આવ્યો ત્યારે સાવચેતીના પગલારુપે થોડાક સમય માટે શ્રીનગર વિમાની મથકને બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, મોડેથી વિમાની સેવા અને વિમાની મથકને ફરી શરૂ કરી દેવામાં આવ્યું હતું. ત્રાસવાદીઓએ બીએસએફની

● અનુસંધાન પાન-૭ પર

# અંતે હનીપ્રીત પોલીસ સકંજામા

**આજે કોર્ટમાં રજૂ કરાશે : ૩૮ દિવસ સુધી ફરાર રહ્યા બાદ આખરે હનીપ્રીતની ધરપકડ : હનીપ્રીતની સાથે અન્ય એક મહિલાની પણ અટકાયત કરવામાં આવ્યા બાદ આકરી પુછપરછ શરૂ**



ચંદીગઢ,તા. ૩

ડેરા સચ્ચા સૌદાના પ્રમુખ ગુરમિત રામ રહીમની સૌથી મોટી વારસદાર અને બાબાની કહેવાતી પુત્રી હનીપ્રીત ઈન્સાને સકંજામાં લઈ લેવામાં આવી છે. ૩૮ દિવસ બાદ પોલીસના સકંજામાં હનીપ્રીત આવી ગયા બાદ તેની હવે આકરી પુછપરછનો દોર શરૂ થયો છે. પંજાબના જીરકપુરમાં પટિયાલા રોડથી હનીપ્રીતને બપોરે ત્રણ વાગે પકડી લેવામાં આવી હતી. અલબત્ત ધરપકડની ક્રેડિટ લેવાને લઈને હરિયાણા અને પંજાબ પોલીસે

● અનુસંધાન પાન-૭ પર

# આજથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં બે રૂપિયાનો ઘટાડો

**ભારે ટિકા ટિપ્પણી બાદ સરકારનો નિર્ણય : એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી : એક્સાઇઝ ડ્યુટીમાં ઘટાડાથી વાર્ષિક ૨૬૦૦૦ કરોડનું નુકસાન થશે**

નવીદિલ્હી,તા. ૩

પેટ્રોલ અને ડીઝલની વધી ગયેલી કિંમતોને લઈને ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી મોદી સરકારે આજે કિંમતોમાં ઘટાડો કરવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. નાણામંત્રાલયે આજે સાંજે એક ટ્વિટ કરીને માહિતી આપી હતી કે, કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર લાગનાર બેઝિક એકસાઈઝ ડ્યુટીને પ્રતિલીટર બે રૂપિયા ઘટાડી દીધી છે. બેઝિક એકસાઈઝ ડ્યુટીમાં આ ઘટાડો બ્રાન્ડેડ અને નોન બ્રાન્ડેડ બંને પ્રકારના પેટ્રોલ અને ડિઝલ ઉપર લાગૂ થશે.

નાણામંત્રાલયે એમ પણ કહ્યું છ`કે, આ આદેશ ચોથી ઓક્ટોબરથી એટલે કે આજે અડધી રાતથી અમલી કરી દેવામાં આવનાર છે. મંત્રાલયનું કહેવું છે કે, આ પગલું ઈન્ટરનેશનલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની વધતી કિંમતોના પ્રભાવના કારણે દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો વધવાથી રોકવા માટે લેવામાં આવ્યું છે. નાણામંત્રાલયે ટ્વિટર હેન્ડલથી માહિતી આપતા એમ પણ કહ્યું છે કે, બેઝિક એક્સાઈઝ ડ્યુટીમાં કરવામાં આવેલા આ ઘટાડાથી સરકારને રેવેન્યુમાં વાર્ષિક ૨૬૦૦૦ કરોડ રૂપિયાનો બોજ પડશે. આ વર્ષે બચી ગયેલા મહિનાઓમાં આ નુકસાન ૧૩૦૦૦ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. મંત્રાલયનું કહેવું છે કે, આ નિર્ણય સામાન્ય વ્યક્તિને રાહત પહોંચાડવાના હેતુથી લેવામાં આવ્યો છે.






# લંડનમાં વિજય માલ્યાની ધરપકડ બાદ કલાકોમાં જામીન પર છુટકારો



નવીદિલ્હી, તા.૩

૯૦૦૦ કરોડ રૂપિયાના લોન ડિફોલ્ટ કેસમાં વોન્ટેડ રહેલા અને હાલમાં બ્રિટનમાં રહેલા કારોબારી વિજય માલ્યાની લંડનમાં ધરપકડ કરવામાં આવી હતી પરંતુ કલાકો બાદ જ તે ફરી જામીન ઉપર છુટી ગયો હતો. ફરાર કારોબારીની મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ભારતીય બેંકોનું માલ્યા ઉપર ૯૦૦૦ કરોડનું દેવું છે. સ્કોટલેન્ડ યાર્ડ દ્વારા આ વર્ષે ૧૮મી એપ્રિલના દિવસે પણ તેમની ધરપકડ કરાઈ હતી પરંતુ તરત જ જામીન મળી ગયા હતા. ભારત તરફથી તેમના પ્રત્યાર્પણ માટે વિધિવત વિનંતી કરવામાં આવી ચુકી છે. ૬૧ વર્ષીય વિજય માલ્યા હાલમાં નિષ્ક્રિય રહેલી કિંગફિશર એરલાઈન્સના વડા તરીકે છે. ગયા વર્ષે માર્ચ મહિનામાં માલ્યા ફરાર થઈ ગયા હતા. ત્યારબાદથી

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં મોદીએ પ્રચારનું રણશિંગૂ ફૂંક્યું

**સમગ્ર કોંગ્રેસ પાર્ટી જામીન પર છે : છેલ્લા અનેક વર્ષોથી કેટલાક પ્રોજેક્ટો અટવાયેલા હતા એક સરકારમાં અનેક સરકારો ચાલી રહી હતી : મોદી**

બિલાસપુર, તા.૩

હિમાચલ પ્રદેશમાં બિલાસપુરમાં એમ્સની આધારશીલા મુક્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારનું રણશિંગૂ ફૂંકી દીધુ હતું. મોદીએ પોતાના અંદાજમાં બિલાસપુરમાં રહેનાર લોકોને સંબોધન કરીને કોંગ્રેસ ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, બિલાસપુરમાં બનનાર એમ્સથી માત્ર હિમાચલને જ નહીં બલ્કે સમગ્ર દેશને ફાયદો થશે. રાજ્યમાં ટ્યુરિઝમને પ્રોત્સાહન મળશે. આનાથી રોજગારી વધશે. મોદીએ પોતાના સંબોધનમાં સરકારની સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. સાથે સાથે કોંગ્રેસ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ અગાઉની યુપીએ સરકાર ઉપર પ્રહાર કરતા કહ્યું હતુ કે, અહીં ઘણા વર્ષોથી માત્ર ૭૦ કરોડ રૂપિયાનો એક સ્ટીલ પ્રોજેક્ટ અટવાયેલો હતો. તેમણે કહ્યું હતું કે, પહેલા ડિપાર્ટમેન્ટોમાં જુદા જુદા વડાપ્રધાન રહેતા હતા. એક સરકારમાં અનેક સરકારો હતી. રિમોટ કન્ટ્રોલથી ચાલનાર પીએમ

● અનુસંધાન પાન-૭ પર







